# ઓટિસ્ટીક બાળકોને સમાજ સહકાર અને હુંફ આપે એ જરૂરી

**ઓટીઝમ એ વિકલાંગતા નથી તે એક અલગ ક્ષમતા છે : ઓટિઝમનું નિદાન ઝડપથી થાય અને વહેલાસર બાળકને થેરાપી, યથાયોગ્ય માર્ગદર્શન તથા તાલીમ આપવામાં આવે તો બાળકની જીંદગીમાં ઘણો સુધારો થઈ શકે**


ગાંધીનગર, તા.૦૧

થોડા સમય પહેલાં "તારે જમીં પર" નામની એક હિન્દી સિનેમા ફિલ્મ આવી હતી જેમાં એક બાળકની શીખવાની ક્ષમતા અન્ય બાળકો કરતાં અલગ પ્રકારની હતી જેના કારણે તે બાળકને સામાન્ય વર્ગોમાં પડી રહેલી તકલીફ અંગે નિરૂપણ કરવામાં આવ્યું હતું. આ ફિલ્મે બાળકોમાં ઓટિઝમની સમસ્યા અંગે ચર્ચા જગાવી હતી. આ સમસ્યા અંગે જાગૃતિ ફલાવવાના હેતુથી સમગ્ર વિશ્વમાં તા.૨જી એપ્રિલે વર્લ્ડ ઓટિઝમ ડે ઉજવાય છે. તમે કદાચ જાણતા હશો કે વિશ્વની પ્રખ્યાત હસ્તીઓ જેમ કે વૈજ્ઞાનિક આઈનસ્ટાઈન, ફોર્ડ કાર કંપનીના સ્થાપક હેનરી ફોર્ડ તથા માઈક્રોસોફટના સ્થાપકે બીલ ગેટ્સ ઓટિઝમની સમસ્યાથી પીડિત હતા. જો તમારું બાળક ઓટીસ્ટીક હોય તો તમે એકલા નથી. હાલના વર્તમાન સમયમાં ઓટિઝમનો વ્યાપ વૈશ્વિક દરે વધી રહ્યો છે જે અંગે જાણકારી માતા-પિતાને હોવી જરૂરી છે.

## આજે વર્લ્ડ ઓટિઝમ ડે

ગાંધીનગરમાં આ પ્રકારના બાળકોને પદ્ધતિસરની તાલીમ આપી મુખ્ય ધારામાં જોડવા પ્રયાસ કરતી સંસ્થા વિશેષ એજ્યુકેશન સેન્ટરના પ્રિન્સિપાલ ડો. ચિરાગ ઉપાધ્યાયના જણાવ્યાં અનુસાર "ઓટિઝમ એ જીવનભરની મગજના વિકાસ સાથે સંકળાયેલી છે. જેમાં બાળકની વાતચીત કરવાની પદ્ધતિ, તેની વર્તણુંક, આજુબાજુના બાળકો સાથે ભળવાની તકલીફ પડે છે. બાળકને અન્ય સાથે દોસ્તી કરવાની તથા તેને જાળવી રાખવાની અક્ષમતા, પોતાના વિચારો મુક્ત રીતે વ્યક્ત કરવાની અક્ષમતા તેમજ દુનિયાદારીની સમજ કેળવવાની મુશ્કેલી પડતી હોય છે.

જો તમારું બાળક ૨ વર્ષ સુધી બોલતા ના શીખ્યું હોય, પોતાની દુનિયામાં ખોવાયેલું રહેતું હોય, પોતાની ઉમરના બાળકો સાથે ન શકતું હોય, તેના નામથી બોલાવવા છતાં ધ્યાન ન આપતું હોય. પોતાના વિચારો વ્યક્ત કરવામાં મુશ્કેલી અનુભવતું હોય તો તેને ઓટિઝમની સમસ્યા હોઈ શકે છે. આને નિવારવા માટે તરત જ નિષ્ણાતની સલાહ લેવી જોઈએ.





ઓટિઝમનું નિદાન જેટલું ઝડપથી થાય તથા વહેલાસર બાળકને થેરાપી, યથાયોગ્ય માર્ગદર્શન તથા તાલીમ આપવામાં આવે તો બાળકની જીંદગીમાં ઘણો સુધારો થઈ શકે છે. અર્લી ઈન્ટરવેન્શન દ્વારા તેની ક્ષમતાઓને ઓળખી પ્રેમ તથા લાગણી દ્વારા બાળકને પોતાની ક્ષમતાની મહત્તમ શિખર સુધી પહોચાડી શકાય છે. બાળકની સારવારમાં ન્યૂરોલોજીસ્ટ, પીડીયાસ્ટ્રીશયન, સ્પીચ થેરાપીસ્ટ, ઓક્યુપેશનલ થેરાપીસ્ટ, સ્પેશ્યલ એજ્યુકેટર અગત્યનો ભાગ ભજવે છે.

ઓટિસ્ટીક બાળકો સાથે જોડાયેલી દરેક વ્યક્તિનો ધ્યેય તેના કુટુંબ, શાળા, સમાજમાં બાળકનું પુનઃસ્થાપન થાય એવું હોવું જોઈએ અને સમાજ આ રીતના બાળકોને પુરતો સાથ સહકાર અને હુંફ આપે એ જરૂરી છે. સ્ટુઅર્ટ ડંકન કહે છે કે ઓટીઝમ એ વિકલાંગતા નથી તે એક અલગ ક્ષમતા છે."

### ઓટિઝમના લક્ષણોઃ

૧. સામાજિક વર્તણુક તથા સબંધોમાં તકલીફ,
૨. બોલવાની તથા હાવભાવ પારખવાની તકલીફ
૩. સામાન્ય રમત ગમત તથા કાલ્પનિક શક્તિનો અભાવ
૪. રોજીદા જીવનમાં આવા બાળકો બદલાવ સહન કરી શકતા નથી.
૫. ઈન્દ્રિયોને પારખવાની શક્તિ અંગેની તકલીફ
આ બધા લક્ષણો ધરવતા બાળકો ને ઓટિઝમ સ્પેક્ટ્રમ ડીસઓર્ડર છે તેમ કહેવાય. કોઈ ને કોઈ લક્ષણ વધતા ઓછા પ્રમાણમાં કોઈપણ બાળકમાં હોઈ શકે છે.

### ઓટિઝમ શાના કારણે થાય છે?

**તેનું નિદાન કેવી રીતે થાય?**

૧. ઓટિઝમ થવા પાછળ કોઈ એક કારણ જવાબદાર નથી. ઓટિઝમએ જીનેટીકલ ડીસઓર્ડર છે.
૨. આંતરિક અને બહારના પર્યાવરણમાં થતા ફેરફારને કારણે થાય છે.
૩. મગજમાં ઈજા
૪. શરીરમાં રસાયણની માત્રામાં વધ ઘટ થાય છે.
આ સમસ્યા શરૂઆતના ત્રણ વર્ષ માં થાય છે. છોકરી કરતા છોકરાઓને ચાર ઘણી વધારે થાય છે.

**ઓટિઝમનું નિદાનઃ**

ઓટિઝમએ જીવનભરનો ડીસ ઓર્ડર છે, તેથી તેનું નિદાન ખુબ જ ચોકસાઈપૂર્વક આ વિષયના નિષ્ણાત પાસે કરાવવું જોઈએ. તેના નિદાન માટે કોઈ મેડીકલ ટેસ્ટ નથી. બાળકના માતા-પિતા પાસેથી વિગતવાર માહિતી ભેગી કરીને, ડીટેલ્સમાં અસેસમેન્ટ કરવામાં આવે છે.

### ઓટિસ્ટિક બાળકો માટે આપણે શું કરી શકીએ?

૧. બાળકો સાથે સરળ અને સાદી અને સ્પષ્ટ ભાષાનો ઉપયોગ કરવો જોઈએ.
૨. ચોકલેટ તેમજ ખુબજ ગળ્યા પદાર્થો નો ઉપયોગ ટાળવો જોઈએ.
૩. ચાર્ટ, ચિત્રો, ફોટોગ્રાફી, વીડિઓ દ્વારા તાલીમ આપવી જોઈએ.
૪.બાળકને રેતી, માટી અને પાણીમાં રમવા દેવું જોઈએ જેથી તેને સેન્શરી સ્ટીમ્યુલેશન મળી શકે.
૫. હીંચકા, ચકડોળમાં બેસવા દેવા જોઈએ જેથી તે શારીરિક રીતે સક્રિય રહે.
૬. સ્વીમીંગ કરાવવું હિતાવહ છે કારણ કે તેનું મગજ શાંત અને એકાગ્ર રહે.

# રાજ્યમાં કોરોનાના નવા ૩૭૨ કેસ નોંધાયા

**ગુજરાતમાં કોરોનાના કેસમાં વધારો : કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૨૨૯૪એ પહોંચી ગઈ**

અમદાવાદ, તા.૧

ગુજરાતમાં કોરોનાના નવા કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. જેમાં ૦૧ એપ્રિલના રોજ કોરોનાના નવા ૩૭૨ કેસ નોંધાયા છે. જ્યારે કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૨૨૯૪એ પહોંચી છે.અમદાવાદ જિલ્લામાં ૦૩, અમદાવાદમાં ૧૨૫ , અમરેલીમાં ૦૮, આણંદમાં ૦૭, બનાસકાંઠામાં ૧૪, ભરૂચમાં ૧૪, બોટાદમાં ૦૧, ભાવનગરમાં ૦૬, ગાંધીનગર જિલ્લામાં ૦૫, ગાંધીનગરમાં ૦૩,જામનગરમાં ૦૫, ખેડામાં ૦૨, કચ્છમાં ૦૮, મહેસાણામાં ૨૭, મોરબીમાં ૨૯, પાટણમાં ૦૫, પોરબંદરમાં ૦૨, રાજકોટમાં જિલ્લામાં ૦૯, રાજકોટમાં ૧૦, સાબરકાંઠામાં ૦૬, સુરતમાં જિલ્લામાં ૦૫, સુરતમાં ૩૦, સુરેન્દ્રનગરમાં ૦૬, વડોદરામાં ૨૩ , વડોદરા જિલ્લામાં ૧૧ અને વલસાડમાં ૦૫ કેસ નોંધાયા છે. જ્યારે કોરોના રિકવરી રેટ ૯૮.૯૬ ટકા છે. જ્યારે કોરોનાથી ૩૮૮ દર્દી સાજા થયા છે.

આમ, સમગ્ર ગુજરાતમાં કોરોના વાયરસના કુલ ૩૭૨ કેસ નોંધાયા છે. તો બીજી તરફ, ૩૮૮ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલ ગુજરાતમાં કોરોના વાયરસના કુલ ૨૨૯૪ એક્ટિવ કેસ છે. આ ઉપરાંત જેટલા ૯ દર્દીને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા છે. જ્યારે ૨૨૮૫ દર્દીની તબિયત સ્થિર છે. ઉલ્લેખનીય છે કે, કોરોના વાયરસથી અત્યાર સુધીમાં કુલ ૧૧૦૫૫ દર્દીના મોત નીપજ્યા છે. તો ૧૨ લાખથી વધુ દર્દી સાજા થઈને ઘરે પરત ફર્યા છે.

ઉલ્લેખનીય છે કે, ગત ૧૧મી માર્ચે પણ કોરોના વાયરસના ૫૧ કેસ નોંધાયા હતા. ૧૪મી માર્ચે ૫૮ કેસ નોંધાયા હતા. ત્યારબાદ ૧૫મી માર્ચે ૯૧ કેસ નોંધાયા હતા. ૧૬મી માર્ચે ૧૧૯ કેસ અને ૧૭મી માર્ચે ૧૨૧ કેસ નોંધાયા હતા.

ત્યારબાદ ૧૮મી માર્ચે ૧૭૯ કેસ તો ૧૯મી માર્ચે ૧૩૩ કેસ નોંધાયા હતા. ૨૦મી માર્ચે ૧૧૮ નવા કેસ નોંધાયા હતા અને ૨૧મી માર્ચે ૧૭૬ કેસ નોંધાયા હતા. ઉલ્લેખનીય છે કે, ૨૨મી માર્ચે કોરોનાના કેસે બેવડી સદી ફટકારી હતી અને ગુજરાતમાં ૨૪૭ કેસ નોંધાયા હતા. ઉલ્લેખનીય છે કે, ગઈકાલે ૪૦૧ કેસ નોંધાયા હતા. આ ઉપરાંત છેલ્લા ૨ દિવસથી ૩૦૦થી વધુ કેસ નોંધાઈ રહ્યા છે.

# મોરબી પુલ દુર્ઘટનાનો મુખ્ય આરોપી જયસુખ પટેલ હોસ્પિટલમાં દાખલ

**જયસુખ પટેલને અચાનક છાતીમાં દુખાવો ઉપડી ગયો : કેસની વધુ સુનાવણી ૧૫ એપ્રિલે હાથ ધરવામાં આવશે**

રાજકોટ, તા.૧

મોરબી પુલ દુર્ઘટનાના મુખ્ય આરોપી અને ઓરેવા કંપનીનો માલિક જયસુખ પટેલની અચાનક તબીયત લથડતા તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર જયસુખ પટેલે અચાનક છાતીમા દુખાવો ઉપડ્યાની ફરિયાદ કરતા તેને જેલથી તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયો હતો. ઉલ્લેખનીય છે કે, પુલ દુર્ઘટના કેસમાં જયસુખ પટેલ હાલ જેલની હવા ખાઈ રહ્યો છે. તે બહાર આવવા માટે સતત જામીન અરજીઓ કરી રહ્યો છે. જણાવી દઈએ કે, ૩૦ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ રવિવારે સાંજે મચ્છુ નદી પર બનેલો પુલ ઓવરલોડને કારણે તૂટી પડતા સરકારી આંકડા અનુસાર વૃદ્ધો-બાળકો અને મહિલાઓ સહિત કુલ ૧૩૫ લોકોના મોત થયા હતા. આ કેસની હાલ ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. મોરબી ઝુલતો પુલ દુર્ઘટનામાં કોર્ટમાં આરોપી જયસુખ પટેલ વિરુદ્ધ પૂરક ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ જયસુખ પટેલ કોર્ટમાં હાજર થયો હતો અને કોર્ટે ૩૦ માર્ચની મુદ્દત આપી હતી. જેથી શુક્રવારે તેને ફરીથી કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો અને વધુ સુનાવણી ૧૫ એપ્રિલના રોજ મુકરર કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, પુલ દુર્ઘટનામાં ૧૩૫ નિર્દોષ નાગરિકોના મોત થયા બાદ પોલીસે તરજ ઓરેવો ગ્રુપના મેનેજર સહિત ૯ આરોપીઓને ઝડપી લીધા હતા અને ૩ મહિના સુધી ફરાર રહેલા ઓરેવો ગ્રુપના એમડીએ પણ આખરે કોર્ટની સામે સરેન્ડર કર્યું હતું જેથી પોલીસે તેની કાયદેસરની ધરપકડ કરીને રિમાન્ડ મેળવ્યા બાદ પૂછપરછ કરી હતી અને પછી તેને સબજેલ મોકલવામાં આવ્યો હતો.

મહત્વનું છે કે, એક મહિના સુધી જેલમાં રહ્યા બાદ તેણે કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી, જે કોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવી હતી.

દરમિયાન તપાસ અધિકારીએ આરોપી જયસુખ પટેલ વિરુદ્ધ પૂરક ચાર્જશીટ રજૂ કરી હતી. ત્યારબાદ કોર્ટે ૧૭ માર્ચની મુદત આપી તી. જેથી તેને મોરબી ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં હાજર કરો હતો અને કોર્ટે ૩૧ માર્ચની મુદત પાડી હતી. શુક્રવારે પણ વધુ એક મુદત પડતા હવે આ કેસની સુનાવણી માટે ૧૫ એપ્રિલની તારીખ જાહેર કરાઈ છે.

# CSKને હરાવીને ગુજરાતે ઘર આંગણે જીતી પ્રથમ મેચ


**છેલ્લી ઓવર સુધી જામ્યો હતો જંગ : ગુજરાત ટાઈટન્સ ૨૦ ઓવર સુધી મેચ ખેચી ગયુ હતુ અને આખરે ૫ વિકેટે મેચ મેચ જીતી લીધી હતી**

અમદાવાદ, તા.૧

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ચેન્નાઈ સુપર કિંગ્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચેની જામેલી જોરદાર મેચ ગુજરાતે ૫ વિકેટે સાથે જીતી લીધી હતી. ગુજરાત ટાઈટન્સે ટોસ જીતે પ્રથમ બોલિંગ પસંદ કરી હતી, જ્યારે ચેન્નાઈ સુપર કિંગ્સને પ્રથમ બેટિંગ કરવાની તક મળી હતી, ચેન્નાઈ સુપર કિંગ્સે પ્રથમ બેટિંગ કરતા ૭ વિકેટ ગુમાવીને ૧૭૮ રન ફટકાર્યા હતા. પ્રથમ બેટિંગ કરતા ચેન્નાઈ સુપર કિંગ્સના બેસ્ટમેન ઋતુરાજ ગાયકવાડે ૫૦ બોલમાં ૯૨ રન ફટકાર્યા હતા. આ સાથે ઋતુરાજ ગાયકવાડ IPL ૨૦૨૩માં અર્ધ સદી ફટકારનાર પ્રથમ ખેલાડી બની ગયો છે. જ્યારે આ તરફ ગુજરાત ટાઈટન્સના બોલરોનું પ્રદર્શન શરૂઆતી ઓવરમાં સારુ જોવા મળ્યુ હતુ. જો કે, પાવર પ્લે બાદ ચેન્નાઈ સુપર કિંગ્સના ખેલાડીઓ રન ફટકારી શક્યા હતા. લાસ્ટ ઓવરમાં મહેન્દ્ર સિંઘ ધોનીએ મોરચો સંભાળ્યો હતો અને એક સિક્સ અને એક ચોક્કો મારીને સ્કોર બોર્ડ ૧૭૮ સુધી પહોંચાડી દીધુ હતુ. જ્યારે ગુજરાત ટાઈટન્સ ૧૯.૫ રન સુધી મેચ ખેચી ગયુ હતુ અને ૧૯મી ઓવરના ૫ બોલે ચોક્કો મારીને મેચ જીતી લીધી હતી. છેક છેલ્લા બોલ સુધી ખેંચાયેલી આ મેચ ખુબ રોમાંચક રહી હતી. ગુજરાત ટાઈટન્સની બેટિંગમાં સૌ પ્રથમ રિદ્ધિમાન સાહા આઉટ થયો હતો હતો અને ત્યારબાદ શુભમન ગીલ અને સુદર્શને ઈનિંગ સંભાળી હતી. શુભમન ગીલ અને સુદર્શને ૩૫ બોલમાં ૫૩ રન ફટકાર્યા હતા. જ્યારે શુભમન ગીલે આખી ઈનિંગમાં કુલ ૩૬ બોલમાં ૬૩ રન બનાવ્યા હતા. શુભમન ગીલ આઉટ થયા બાદ રાશિદ ખાન અને તેવટિયાએ મેચને સંભાળી હતી અને રાશિદ ખાને એક સિક્સ અને ચોક્કો મારીને મેચને જીત તરફ લઈ ગયો હતો. ગુજરાત ટાઈટન્સે ૫ વિકેટ સાથે આ મેચ જીતી લીધી હતી. જ્યારે મોહમ્મદ શામીએ ૪ ઓવરમાં ૨૯ રન આપીને ૨ વિકેટ ઝડપી હતી, ત્યારબાદ રાશિદ ખાને ૪ ઓવરમાં ૨૬ રન આપીને ૨ વિકેટ ઝડપી હતી, જ્યારે ત્રીજા ક્રમાંકે અલઝારીયા જોસેફે ૪ ઓવરમાં ૩૩ રન આપીને ૨ વિકેટ ઝડપી હતી જ્યારે જોસુઆએ ૪ ઓવરમાં ૧ વિકેટ ઝડપીને ૪૧ રન આપ્યા હતા.

# નિરમા યુનિવર્સિટીની ઈન્સ્ટિટયૂટ ઑફ લૉ આયોજિત કૉન્ફરન્સનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઉદઘાટન

**મોડલ યુનાઇટેડ નેશન્સ ૨.૦ વિષય પર યોજાઈ બે દિવસીય કોન્ફરન્સ**




મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે નિરમા યુનિવર્સિટીની ઈન્સ્ટિટયૂટ ઑફ લૉ દ્વારા આયોજિત મોડલ યુનાઈટેડ નેશન્સ ૨.૦ કૉન્ફરન્સના ઉદઘાટન પ્રસંગે જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ યુવાશક્તિને ન્યૂ એજ વોટર નહિ ન્યૂ એજ પાવર બનાવવાની ખેવના રાખી છે. યુવાનોની પ્રતિભા વિકસાવવા માટેના મંચ પૂરા પાડવા સરકાર પ્રતિબદ્ધ છે. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં યુથ એસેમ્બલીનું આયોજન કરવામાં આવ્યું હતું, એમ પણ તેમણે ઉમેર્યું હતું.

મૉડલ યુનાઈટેડ નેશન્સ ૨.૦ વિષય પર યોજાઈ રહેલી બે દિવસીય કૉન્ફરન્સમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતની વિદેશ નીતિનો સુવર્ણ કાળ ચાલી રહ્યો છે. વૈશ્વિક મંચો પર ભારતની ભૂમિકા અને સ્થાન મજબૂત બન્યા છે. યુ.એન જેવા આંતરરાષ્ટ્રીય મંચો પર વડાપ્રધાનશ્રીની પહેલથી વિશ્વ યોગ દિવસ મનાવવાનું શરૂ થયું અને ૨૦૨૩નું વર્ષ મિલેટ્સ યર તરીકે ઊજવાઈ રહ્યું છે. મહાસત્તાઓ માટે પણ ભારતનો દષ્ટિકોણ મહત્ત્વપૂર્ણ બન્યો છે, એવું તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનરી નેતૃત્વમાં ભારત આજે જી-૨૦ની અધ્યક્ષતા કરી રહ્યું છે. પોલિસી ડ્રીવન સ્ટેટ તરીકે નામના ધરાવતા આપણા રાજ્યને જી-૨૦ની ૧૫ જેટલી બેઠકોની યજમાની કરવાની તક મળી છે, એ ગૌરવની વાત છે.

છેલ્લાં ૯ વર્ષમાં યુવા પેઢીનો રાજકારણ તથા વૈશ્વિક પ્રવાહો પ્રત્યે જોવાનો અભિગમ બદલાયો છે, એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે યુવાનોને વિશ્વના પ્રવર્તમાન પ્રવાહોને સુસંગત અને વધુ સજ્જ બનાવવા આ કોન્ફરન્સ સક્ષમ પ્લેટફોર્મ બની રહેશે તથા આ કોન્ફરન્સ ઉન્નત ભારતના નિર્માણમાં ઉદ્દીપક બનશે.

એવી આશા છે.

ઉદઘાટન સમારંભમાં નિરમા યુનિવર્સિટીના મોભી શ્રી કરશનભાઈ પટેલ, નિરમા યુનિવર્સિટીના ઉપપ્રમુખ શ્રી કે. કે. પટેલ, ડિરેકટર જનરલ શ્રી અનુપસિંહ, ઈન્સ્ટિટ્યૂટ ઑફ લૉ ના વડા પ્રો. ડૉ. મધુરી પરીખ ઉપરાંત ફેકલ્ટી મેમ્બર્સ તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ફોન-પેના કર્મચારી તરીકે ખોટી ઓળખ આપી લાખોની છેતરપિંડી

**અનેક નાના મોટા વેપારીઓ છેતરપિંડીનો ભોગ બન્યા : રીઢા ગુનેગારને સાયબર ક્રાઇમ પોલીસે ઝડપી પાડ્યો**

જામનગર, તા.૧

જામનગરમાં જુદા જુદા વેપારીઓને દુકાને જઈને ફોન-પેના કર્મચારી તરીકે ખોટી ઓળખ આપી ફોન-પે અપડેટ કરવાના બહાને પાસવર્ડ જાણીને ત્યારબાદ નાના વેપારીઓના ખાતામાંથી પૈસા પડાવી છેતરપીંડી કરનાર રીઢા ગુનેગારને જામનગર સાયબર ક્રાઈમની ટીમે પકડી લીધો છે, જેમાં પાંચ ગુનાના ભેદ ઉકેલાયા છે. અગાઉ પણ આ રીતે પાંચ વેપારીઓને ચુનો લગાવ્યાનું સામે આવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, જામનગરમાં આ ચોરે નવી મોડસ ઓપરેન્ડી બનાવી હતી. આ યુવક ફોન-પે ના કર્મચારી તરીકેની ખોટી ઓળખ આપી દુકાનદારો પાસે જતો હતો. તે ફોન-પે અપડેટ કરવાના બહાને વેપારીઓને કહેતો કે, તેમજ ફોનમાં રહેલો ક્યુઆરકોડનો ઉપયોગ કરી ગુગલ-પે કરવાથી પૈસાની લેવડ-દેવડમાં ફાયદો થશે. આવા બહાના બતાવી દુકાનદારોને વિશ્વાસમાં લઈ બેહલાવી-ફોસલાવી દુકાનદારનો મોબાઈલ મેળવી લેતો. બાદમાં ફોન-પે એપ્લીકેશન ચાલુ કરાવી તેના યુ.પી.આઈ. પીન નંબર મેળવી ફોનમાં થોડીવાર કંઈક એક્ટિવીટી કરીને ફોન પરત આપતો હતો. બે-ત્રણ વાર દુકાનદાર પાસે આવી ફોન-પે બરાબર ચાલે છે કે નહિ તેવું ચેક કરવાનું જણાવતો. આ બાદ તેમનો મોબાઈલ મેળવી લાખો રૂપિયા ટ્રાન્સફર કરતો હતો.

જામનગરમાં આ બાબતની ફરિયાદો વધી રહી હતી. વેપારીઓ સાથે આ રીતે છેતરપીંડી બાબતની ફરીયાદ મળી હતી. જે મુજબ જામનગર જિલ્લાના વિવિધ દુકાનદારો પાસેથી ઈકબાલ સમા નામના વ્યક્તિ દ્વારા ફોન-પેના કર્મચારી તરીકેની ખોટી ઓળખ આપી છેતરપીંડી આચરી રૂપિયા પડાવ્યા હોવાનું સામે આવ્યું. તે નાના વેપારીઓ પાસેથી કુલ રૂ.૨,૦૮,૦૦૦ની છેતરપીંડી કરેલ અને જામનગરથી નાસી ગયો હતો.

આ પ્રકારના ગુન્હાઓ જામનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં દાખલ થયો હતો. આરોપીને પકડી પાડવા સાયબર ક્રાઈમની વિશેષ ટીમે આરોપીના મોબાઈલ નંબરની ડિટેઈલ મંગાવી હતી. તેમજ લોકેશન મંગાવી તેનું ટેકનિકલ એનાલિસીસ કર્યુ હતું. આ દરમ્યાન ખાનગી રાહે બાતમી મળતા ગુનામા સંડોવાયેલ આરોપીને પકડી પાડવામાં આવ્યો હતો.

## કેસ નોંધાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરના સરગાસણ ગામેથી ૩૦ વર્ષીય યુવાન તેમજ કુડાસણ ગામેથી ૬૫ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ ઉપરાંત સે. ૨૬માંથી ૭૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આજે નોંધાયેલ તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. તંત્રની ટીમોએ દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોને હોમ આઈસોલેટ કરવાની કામગીરી શરૂ કરી સર્વેલન્સ સઘન બનાવ્યુ છે.

## ગુજકેટની પરીક્ષા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બોર્ડની પરીક્ષાના અંતે એન્જિયરીંગ તેમજ પેરામેડિકલ ક્ષેત્રે પ્રવેશને અનુલક્ષીને વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષાની તૈયારી પણ કરી રહ્યા છે. ગુજકેટની પરીક્ષા દરમિયાન તા ૩ એપ્રિલના રોજ ભૌતિક વિજ્ઞાન , રસાયણ વિજ્ઞાન અને બાયોલોજી તેમ ત્રણ વિષયની પરીક્ષા વિદ્યાર્થીઓ આપશે.

## કુપોષણમુક્તિ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અધિકારી દ્વારા બાળકોની સાથે તેમની માતાઓની પણ ચિંતા કરી સીએમટીસીમાં એડમિટ થતા બાળકોની માતાઓનું પણ ગાયનોકોલોજિસ્ટ ડોક્ટર દ્વારા સ્ક્રિનિંગ કરી પ્રાથમિક તપાસ કરી તેઓની પણ સારવાર માટે સૂચન કર્યુ હતુ. ઉપરાંત સીએચઓ દ્વારા માતાઓનું કાઉન્સિલિંગ કરી યોગ માટે શિબિર યોજવા તેમજ ફિઝિયોથેરાપીસ દ્વારા માતાઓને જે તકલીફ હોય તેના માટે કસરત કરાવવા સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત ૧૪ દિવસ દરમિયાન માતાને હાથ ધોવાની પદ્ધતિ વિશે, બાળકોના યોગ્ય પ્રારંભિક વિકાસ માટે માતા તરફથી આપવામાં આવતા પ્રોત્સાહન વિશે, સ્તનપાનની યોગ્ય પદ્ધતિ, રાંધવાની યોગ્ય પદ્ધતિ, બાળકને આપવામાં આવતા પૌષ્ટિક આહાર વિશેની ચર્ચા તેમજ માદા બાળકની સંભાળ વિશે માતાના કાઉન્સિલિંગ સેશન હાથ ધરવામાં આવશે.

છાલા ખાતે ૧૧, માણસા ખાતે ૧૩, દહેગામ ખાતે ૧૫, નારદીપુર ખાતે ૧૪, એન.આર.સી. ગાંધીનગર ખાતે ૧૯ બાળકો એડમિટ કરેલ છે. ઝડપથી ગાંધીનગર જિલ્લામાંથી કુપોષણ દૂર કરવા માટેની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

## આગથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાડીઓ ઘટનાસ્થળે પહોંચીને આગને કાબૂમાં લેવાનું શરૂ કર્યુ હતું. ફાયર બ્રિગેડની ૨૦ ગાડીઓ દ્વારા આગને કાબૂમાં લેવાયા બાદ પણ અંદરથી આગ ભભૂકી રહી છે.

આ ઉપરાંત આગ બુઝાવવા માટે મહાનગરપાલિકાના જેસીબી મશીનોને પણ સ્થળ પર લાવવામાં આવ્યા છે. જેની મદદથી આગ ઓલવવાની કામગીરી કરવામાં આવી રહી છે.

બીજી તરફ સાવચેતીના ભાગ રૂપે નજીકની દુકાનોને પણ ખાલી કરાવવામાં આવી રહી છે. આગની ભયાનક ઘટનાને પગલે ચકચાર મચી ગઈ છે. પોતાની નજર સામે દુકાન સળગતી જોઈને દુકાનદારો પોતાના આંસુ રોકી શકતા નથી. જો કે સીએફઓ ડો.રાજીવ કુમાર પાંડે પણ સ્થળ પર હાજર છે અને આગને કાબુમાં લેવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

નોંધપાત્ર વાત એ છે કે, પ્રયાગરાજ ડેવલપમેન્ટ ઓથોરિટીએ ઘણા વર્ષો પહેલા ચોક વિસ્તારમાં નેહરુ કોમ્પ્લેક્સ નામની ત્રણ માળની કોમર્શિયલ બિલ્ડિંગ બનાવી હતી. પરંતુ આમાં ફાયર ફાઈટિંગના ધોરણોનું પાલન કરવામાં આવ્યું ન હતું. જેના કારણે અહીં આગની અનેક ઘટનાઓ બની ચૂકી છે. આ કોમ્પલેક્સમાં ૨૧૦ જેટલી દુકાનો છે. જેમાંથી ૫૦ દુકાનોમાં આગ ફેલાઈ ચૂકી છે અને કરોડોનો સામાન બળીને ખાખ થઈ ગયો છે. દુકાનદારોએ પ્રયાગરાજ ડેવલપમેન્ટ ઓથોરિટી અને વહીવટીતંત્ર પર પણ બેદરકારીનો આરોપ લગાવ્યો છે. બીજી તરફ સીએફઓ ડો. રાજીવ કુમાર પાંડેના જણાવ્યા પ્રમાણે આગ લગભગ કાબૂમાં આવી ગઈ છે અને ટૂંક સમયમાં જ સંપૂર્ણપણે બુઝાઈ જશે. તેમણે કહ્યું કે, શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાની આશંકા છે. પરંતુ સમગ્ર મામલાની તપાસ બાદ જ આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાશે.

## વર્ચસ્વ વધ્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

માહિતી આપી છે. આ માહિતી બંને દેશો વચ્ચેના વેપારના ચલણ સાથે સંબંધિત છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર બંને દેશો વચ્ચેનો વેપાર હવે અન્ય કરન્સી ઉપરાંત રૂપિયામાં પણ થઈ શકશે.

અત્યાર સુધીમાં ૩૫ દેશોએ ભારત સાથે રૂપિયામાં વેપાર કરવા સકારાત્મ અભિગમ દાખવ્યો છે. રશિયા ઉપરાંત ભારતના પડોશી દેશો મ્યાનમાર, બાંગ્લાદેશ અને નેપાળ પણ આમાં સામેલ છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ડૉલરની વધુ માંગ છે. અત્યાર સુધી ભારત દરેક વસ્તુની ચૂકવણી ડોલરમાં કરે છે. આ માટે ભારત દ્વારા દર વર્ષે અબજો ડોલરનો ખર્ચ કરવામાં આવે છે. જો ભારત પણ રૂપિયા દ્વારા આયાત કરવામાં આવતી વસ્તુઓ માટે ચૂકવણી કરે તો ડોલર પરની નિર્ભરતા ઘટી શકે છે.